# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **અલ-નીનોના સંભવિત પડકારો સામે રાજ્યનું વહીવટી તંત્ર સજ્જ.**
2. **રાજ્યમાં એક હજાર 567 કરોડ રૂપીયાના 15 મોટા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન સહાય મંજૂર.**
3. **પ્રધાનમંત્રીના 12 વર્ષના સુશાસનની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી.**
4. **ગોંડલની મસાલા ફેક્ટરીમાંથી 1.11 કરોડ રૂપીયાથી વધુનો શંકાસ્પદ જથ્થો સીઝ.**
5. **રાજ્યના વિવિધ જિલ્લામાં વરસાદી ઝાપટાં.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# EL NINO BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે આગામી અલ-નીનોના સંભવિત પ્રભાવ સામે રાજ્યની સજ્જતાની સમીક્ષા કરવા માટે એક સર્વગ્રાહી અને ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં કૃષિમંત્રી જીતુ વાઘાણી તેમજ કૃષિ, સિંચાઈ, પાણી પુરવઠો, નર્મદા, વન અને મહેસૂલ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ વિગતો આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, અલ-નીનોની સંભવિત પરિસ્થિતિ સામે નાગરિકો, ખેડૂતો અને પશુધનની સુખાકારી માટે રાજ્ય સરકારના તમામ વિભાગો એક થઈને આગોતરા આયોજન સાથે કામ કરી રહ્યા છે. બેઠકમાં નર્મદા પાઇપલાઈનથી 3 કિ.મી વિસ્તારના તળાવો ભરવાની મર્યાદાને વધારીને 7 કિ.મી કરવાનો નિર્ણય કરાયો છે. પીવાના પાણી માટે રાજ્યના 300 તળાવો અને સૌરાષ્ટ્રના વિવિધ ડેમ તળાવો ભરવામાં આવશે.

આ ઉપરાંત કૃષિ વિભાગ સેટેલાઇટ દ્વારા જમીનના ભેજ અને પાકના સ્વાસ્થ્ય પર નજર રાખી રહી છે અને AI ડ્રિવન 'કૃષિ પ્રગતિ'ના માધ્યમથી ૫૦ લાખથી વધુ ખેડૂતોને સીધા મોબાઈલ પર લાઈવ હવામાન અને કૃષિ સલાહના SMS મોકલવામાં આવી રહ્યા છે. પશુઓને ઘાસચારાની તંગી ન વર્તાય તે માટે વન વિભાગ અને પશુપાલન વિભાગને પૂરતા પ્રમાણમાં ઘાસચારાની આગોતરી વ્યવસ્થા અને બફર સ્ટોક તૈયાર રાખવા સૂચના આપવામાં આવી છે.

# INDUSTRIAL POLICY

રાજ્ય સરકારે રાજ્યની ઔદ્યોગિક નીતિ-2015 હેઠળની ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સ્કીમ અંતર્ગત કુલ 1,567.18 કરોડના રોકાણ ધરાવતા 15 મોટા ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહન સહાય મંજૂર કરી છે. આ રોકાણોથી રાજ્યમાં અંદાજે 1,238 રોજગારીની તકોનું સર્જન થવાની અપેક્ષા છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપતી સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતને ભારત તેમજ વૈશ્વિક સ્તરે સૌથી આકર્ષક રોકાણ સ્થળોમાં સ્થાન અપાવવાના હેતુથી રાજ્યની ઔદ્યોગિક નીતિ-2015 હેઠળ ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સ્કીમ અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ ગુજરાતમાં સ્થાપના કરતા પાત્ર ઉદ્યોગોને નેટ SGST સહાય આપવામાં આવે છે.

# HARSH SANGHVI YOG DIVAS

રાજ્યભરમાં ૧૪ જૂનથી ૨૦ જૂન સુધી 'યોગ સપ્તાહ'ની ઉજવણી કરાશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે કરાશે. ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંગે વિગતો આપતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આ વર્ષે 'યોગા ફોર હેલ્ધી એજિંગ' થીમ પર વિશેષ કાર્યક્રમો યોજાશે. આ વર્ષે યોગ દિવસે સમગ્ર રાજ્યમાંથી ૧.૨૫ કરોડથી પણ વધુ નાગરિકો યોગ પ્રોટોકોલ તાલીમમાં ભાગ લેશે.

**BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER**

# NEET – SPECIAL TRAINS

દેશભરમાં 21 તારીખે યોજાનારી રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા **NEET-2026**ના વિદ્યાર્થીઓ માટે પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ભાડા પર ઓખા અને ગાંધીનગર કેપિટલ વચ્ચે વિશેષ ટ્રેનો દોડાવાશે. તે મુજબ ઓખા–ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ ટ્રેન આવતીકાલે ઓખાથી સવારે **05** વાગ્યે ઉપડશે, જ્યારે ગાંધીનગર કેપિટલ – ઓખા સ્પેશિયલ **21** જૂને ગાંધીનગર કેપિટલથી રાત્રે **8:55** વાગ્યે ઉપડશે.

# NATURAL AGRICULTURE SEMINAR

પ્રધાનમંત્રીના **12** વર્ષના શાસન તેમજ વિકસિત ભારત અંતર્ગત બોટાદ ખાતે બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખ પાયલ માથોળિયાના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બોટાદ જિલ્લામાંથી ખૂબ મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખ પાયલ માથોળિયાએ વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધે અને પોતાની આવક બમણી કરે તેવી અપીલ કરી હતી.

## BYTE: PAYAL MATHOLIYA, BOTAD DIST. PANCHAYAT PRESIDENT

## YOG SHIBIR

વિકસિત ભારતના સંકલ્પ સાથે જામનગરમાં મંત્રી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં વિશાળ યોગ શિબિર યોજાઈ હતી. સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૨ વર્ષની વિકાસયાત્રાને સમર્પિત યોગ શિબિરમાં, અધિકારીઓ અને સેનાના જવાનોએ યોગાભ્યાસ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન અનુભવી યોગ ટ્રેનરો દ્વારા મહાનુભાવો અને સેનાના જવાનોને વિવિધ યોગાસનો, પ્રાણાયામ તેમજ ધ્યાનની ક્રિયાઓનું માર્ગદર્શન અને યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સુશ્રી રિવાબાએ આ યોગ શિબિરમાં સહભાગી થવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

**BYTE: RIVABA JADEJA, MINISTER OF STATE EDUCATION**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# GOV 12 YEARS

બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાસનના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 18 અને 19 જૂન દરમિયાન "પ્રગતિપથ યાત્રા"નું આયોજન કરાયું છે.

જિલ્લા પ્રભારીમંત્રી કમલેશ પટેલની ઉપસ્થિતિમાં અંબાજીથી શરૂ થયેલી યાત્રામાં વિવિધ જગ્યાની મુલાકાત લેવામાં આવી. મંત્રીએ જણાવ્યું કે, બનાસકાંઠામાં કૃષિ, પશુપાલન, શિક્ષણ, પર્યાવરણ અને જાહેર સુવિધાઓના ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો છે.

યાત્રા દરમિયાન જિલ્લાના વિકાસ કાર્યો અને જનકલ્યાણલક્ષી યોજનાઓના પરિણામોની માહિતી આપવામાં આવી હતી.

ભરૂચની અંકલેશ્વર નગરપાલિકા દ્વારા પણ જનકલ્યાણ શિબિરનું આયોજન કરાયું. રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠામંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિતમાં યોજાયેલ આ શિબિરમાં લાભાર્થીઓને સહાયના ચેક અને આયુષ્માન કાર્ડનું વિતરણ અને સરકારની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન અપાયું.

# SUCCESS STORY VALSAD

વલસાડ જિલ્લામાં આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) અંતર્ગત આયુષ્યમાન કાર્ડ બનાવવાની વિશેષ ઝુંબેશને વેગ આપવામાં આવ્યો છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એ.ડી.એચ.ઓ. એસ.પી. સિંગે આ અંગે વધુ

માહિતી આપતા પાત્ર લાભાર્થીઓને વહેલી તકે આયુષ્યમાન કાર્ડ બનાવી યોજનાનો લાભ લેવા અપીલ કરી છે.

**BYTE: DR H.P.SINGH**

## FOOD CHECKING

રાજ્યમાં નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થાય તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી ચકાસણી અને અમલીકરણની કામગીરી સતત કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજકોટ જિલ્લાના ગોંડલની એક મસાલા ફેક્ટરીમાંથી **1.11** કરોડથી વધુનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

તપાસ દરમિયાન પેઢીમાંથી કુલ ચાર શંકાસ્પદ ખાદ્ય પદાર્થો ધાણા પાઉડર, કોર્ન પાઉડર, મરચું પાઉડર અને હળદર પાઉડરનો કુલ **35** હજાર **527** કિલોગ્રામ શંકાસ્પદ ખાદ્ય પદાર્થોનો જથ્થો જપ્ત કરાયો છે. જેની અંદાજિત કિંમત **1** કરોડ **11** લાખ ચાર હજાર **205** છે.

આ અંગે આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે, ખાદ્ય સુરક્ષા અને જન આરોગ્યના રક્ષણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે અને ભેળસેળયુક્ત, હલકી ગુણવત્તાવાળા અથવા ગ્રાહકોના આરોગ્યને જોખમમાં મૂકતા ખાદ્ય પદાર્થોના ઉત્પાદન અને વેચાણ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# WEATHER

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને મોન્સૂન ટ્રફના કારણે રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે વિવિધ જિલ્લામાં ગઇકાલે વરસાદના અહેવાલ છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ નોંધોયો છે.

અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા, જામનગર, વાદળી ઘોઘંબા સહિત રાજ્યના **65**થી વધુ તાલુકામાં વરસાદ નોંધાયો છે. બોટાદના કરિયાણી સહિત ગ્રામ્ય પંથકમાં વરસાદી માહોલથી ખેડૂતોમાં ખુશી જોવા મળી.

ભાવનગરમાં વરસાદી ઝાપટાથી લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. અમદાવાદના વિવિધ વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટાં પડતાં લોકોમાં ખુશી વ્યાપી હતી.

આજે કચ્છ, દ્વારકા, પોરબંદર અને પાટણ સિવાય સમગ્ર રાજ્યમાં વરસાદની આગાહી છે. જો કે તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં.

## BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD

# SINH DARSHAN

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના મંડોર ગામે ગેરકાયદેસર સિંહ દર્શનનો મામલો સામે આવ્યો છે. ઘટનાની માહિતી મળતા વનવિભાગના અધિકારીઓ તપાસ માટે પહોંચતા યુવકો કાર અને બાઇક મૂકી નાસી છૂટ્યા હતા.

આ અંગે વન વિભાગે સ્થાનિક પાંચ અને મોરબીના બે યુવકો મળી કુલ સાત લોકો સામે કાર્યવાહી કરી દંડ કર્યો હોવાનું **RFO** વાય.એસ.કલસરીયાએ જણાવ્યું.

**BYTE: Y S KALSARIYA, RFO**

**-------------------------------**